ગાંધીનગર સમાચાર
તા. ૭-૧૦-૨૦૧૪, મંગળવાર

## તંત્રી સ્થાનેથી....

### પૂનમોની પૂનમ : શરદ પૂનમ

'આસો માસો શરદ પૂનમની રાત જો,
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચૉકમાં!'

ગરવી ગુજરાતણને રાસગરબા લેતી જોવી એ એક લહાવો છે. શરદપૂનમ એટલે નવરાત્રીના મહાનૃત્ય પછી વિજયાદશમીના શુકનવંતા મુહૂર્ત બાદ પાંચમે દિવસે આવતો મહારાસનો ઉત્સવ. શાસ્ત્રમાં એનો ભારે મહિમા છે. એ 'મહા રાત્રી' છે. શિવ રાત્રી અને કાલ રાત્રી કરતાં એનું જુદું જ પોત અને પ્રતિભા છે. ભગવાન કૃષ્ણે વૃંદાવનમાં ગોપીઓ સાથે શરદપૂનમની રાતે જ મહારાસ રચાવ્યો હતો અને એક એક ગોપી સાથે એક એક કહાનની માયા દેખાડી હતી. શ્રીમદ્ ભાગવતમાં આ મહારાસનું રોમાંચક વર્ણન મળે છે. રાસ રમીને થાકી ગયા પછી કૃષ્ણ એકાએક અલોપ થઈ ગયા. એ કયાં ગયાં? સુધબુધ ખોઈ બેઠેલી ગોપીઓ એકમેક પર શંકા કરવા લાગી. કૃષ્ણને કોઈ એક ગોપી ઉપાડી ગઈ હતી. ભાગવતમાં કયાંય એનું નામ નથી. આપણે એને રાધા તરીકે ઓળખીએ છીએ. સોળ હજાર એકસો આઠ સ્ત્રીઓનો ધણી કિશોરવયે વૃષભાનુકુમારી પાછળ પાગલ હતો. વળી એ તો વયમાં પણ મોટી હતી અને પરણેલી પણ ખરી! પ્રેમનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ રૂપ તે રાધાકૃષ્ણનો પ્રેમ અને એ પ્રેમાનુભૂતિનું પ્રાગટ્યપર્વ તે શરદ પૂર્ણિમા. શરદ પૂનમનો ચંદ્ર યુગોથી માનવને જ શું, જીવ માત્રને ઘેલો કરતો રહ્યો છે. માઝા નહીં મૂકનારો રત્નાકર પણ તે રાતે ગાંડો થઈને ઘૂઘવે છે. બ્રહ્માંડમાં રચાતા મહારાસનું જાણે પ્રતિબિંબ ના પાડતો હોય એમ સ્તો. એવો કયો કવિ હશે જેણે શરદપૂનમ પણ કવિતા ન લખી હોય? ન્હાનાલાલના રાસ કહો, નરસૈંયાના પદ કહો કે દયારામની ગરબી : અરે, આપણા ગૂર્જર શિરોમણિ કવિ ઉમાશંકર જોશીનું પહેલું જ કાવ્ય છે, 'નખી સરોવર પર શરદપૂર્ણિમા!' જાણીતાં ખંડકાવ્યોના રચયિતા કવિ મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'નું 'સાગર અને શશી' શરદ પૂનમ વિશેનાં વિશ્વનાં શ્રેષ્ઠ કાવ્યોમાં સ્થાન પામે એવું ઉત્તમ કાવ્ય છે.

આજ મહારાજ, જલ પર ઉદય જોઈને
ચંદ્રનો, હૃદયમાં હર્ષ જામે...
જલધિજલ દલ ઉપર દામિની દમકતી...
કામિની કોલિકા કેલિકૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી...

શરદપૂનમ એ માનવીના મનની ફુલ્લ પ્રફુલ્લ સ્થિતિની તિથિ છે. એને ખેડૂતો 'માણેકઠારી પૂનમ' તરીકે ઓળખે છે. એ દિવસે દરિયામાં મોતી પાકે છે અને ખેતરમાં ચાર ચાસ પણ કરીને શુકન કર્યા હોય તો મબલક પાક ઊતરે છે. રાસ એ આપણા પારંપારિક નૃત્યનો શ્રેષ્ઠ પ્રકાર છે. સૌરાષ્ટ્રની કાઠી-કણબી અને મેર-ભરવાડ સહિત તમામ કોમોમાં આ રાસનૃત્ય અત્યંત લોકપ્રિય છે. એ કૃત્યને વરસોવરસ અપાતી ભવ્ય નૃત્યાંજલી છે. રાસના મહાનાયક એટલે નંદકુમાર કૃષ્ણ. રામને કદી રાસે રમતા કલ્પી શકાશે? આ તો રામેશ્વર-રાજેશ્વર કૃષ્ણની જ મોનોપોલી. નિધુવનમાં આજે પણ દરરોજ રાતે કૃષ્ણ એમની પ્રિય ગોપબાલાઓ સાથે અને પ્રિયતમા રાધા સાથે રાસ રચાવતા હોવાની દૃઢ માન્યતા છે. રાત્રે આ વૃંદાવન પાસેની કુંજગલીઓમાં કોઈ જીવ ફરકતો નથી. એ માત્ર શ્રીકૃષ્ણ અને રાધાજીની રિઝર્વ્ડ રમણસ્થળી બની રહે છે. શરદપૂનમને મોરારિ બાપુએ નવો આયામ આપ્યો છે. ગુજરાતી ભાષાનો સૌથી માતબર રકમનો નરસિંહ મહેતા એવોર્ડ હવે બાપુના હરદ હસ્તે શરદ પૂનમની રાતે જ જૂનાગઢ ખાતે 'રૂપાયન' સંસ્થામાં ભવ્ય કાર્યક્રમ યોજીને અપાય છે. આ વર્ષે આ એવોર્ડ આધ્યાત્મિક ચેતનાના મૂઠી ઊંચેરા કવિ હરીશ મીનાક્ષુને આપાનાર છે. જન સાધારણ માટે શરદપૂનમની રાતે ધાબા પર બેસીને સપરિવાર દૂધ પૌંઆ આરોગવા એ પણ કોઈ નાનોસૂનો એવોર્ડ નથી જ!

# ૮, ૯, ૧૦મીએ ચિત્રકામની પ્રાથમિક-માધ્યમિક એક્ઝામ

## રાજ્યભરમાંથી ૧.૨૫ લાખ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે ચિત્રકલા આગળ વધારવા માધ્યમિક શિક્ષણ બોર્ડનો હેતુ

અમદાવાદ, તા.૦૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે ચિત્રની રાજ્ય સ્તરની પરીક્ષા લેવામાં આવે છે જે અંતર્ગત ચાલુ વર્ષે ચિત્રની પ્રાથમિક અને માધ્યમિક પરીક્ષાનું આયોજન આગામી તા. ૮, ૯, ૧૦ ઓક્ટોબરના રોજ કરવામાં આવ્યું છે જેમાં રાજ્યભરમાંથી અંદાજે ૧.૨૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. રાજ્યમાં ચિત્રકલાને આગળ વધારવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ચિત્ર વિષયની પ્રાથમિક અને માધ્યમિક પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે જેમાં રાજ્યની દરેક શાળામાંથી જે વિદ્યાર્થીઓ ચિત્રકામમાં રસ ધરાવતા હોય તે વિદ્યાર્થીઓ આ પરીક્ષા માટે રજીસ્ટ્રેશન કરાવી શકશે ત્યારે ચાલુ વર્ષે આ પરીક્ષા આગામી તા. ૮, ૯ અને ૧૦ ઓક્ટોબર એમ ત્રણ દિવસ લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા માટે અરજી કરનાર વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થાની જાહેરાત શનિવારે કરી દેવામાં આવી હતી ત્યારે વિદ્યાર્થીઓ પોતાની હોલ ટીકીટ મેળવીને ચિત્રકામની પ્રાથમિક અને માધ્યમિક પરીક્ષામાં હાજરી આપી શકશે. જિલ્લા શિક્ષણ અધિકારીના કચેરી દ્વારા આ પરીક્ષાની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. જો કે ચિત્રકામની પરીક્ષા શાળાની પરીક્ષાઓની સાથે જ આપતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. આ સમય દરમિયાન જ શાળાની સત્ર પરીક્ષા લેવાની હોવાથી મોટાભાગના વિદ્યાર્થીઓ ચિત્રની પરીક્ષા આપી શકે તેવી સ્થિતિમાં નથી ત્યારે પ્રશ્ન એ ઉદભવે છે કે શું ચિત્રકામની પરીક્ષાનું આયોજન કરનાર અધિકારીઓને શાળાઓના પરીક્ષા શિડ્યુઅલની માહિતી નહી હોય ? અને જે માહિતી હતી તો પરીક્ષાના સમયે જ ચિત્રકામની પરીક્ષાનું આયોજન શા માટે કરવામાં આવ્યું અંતે ગમે તે હોય પરંતુ અત્યારે તો વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા છે તે સત્ય છે.

## હરિની દૃષ્ટિ...




સાહેબ, આપણી ચોકીના સ્ટાફનો જ માણસ છું... આ તો નવરાત્રીમાં પહેરેલ ચોરણાનું નાડુ ખૂલતું જ નથી એટલે ડ્રેસ વગર... આ જ પહેરી રાખ્યું છે...!!

# ધો-૫ થી ૯ના વિદ્યાર્થીઓ માટે સ્પેલીંગ સ્પર્ધા યોજાશે

## સ્પર્ધા મારફતે દેશમાં સારી રીતે સ્પેલિંગ બનાવી શકતા વિદ્યાર્થીઓને તક : ૩૦ શહેરોના ૨.૭૫ લાખ વિદ્યાર્થીઓ

અમદાવાદ, તા.૦૬

ક્લાસમેટ કંપની રેડિયો મીર્ચી સાથે મળીને શાળાના વિદ્યાર્થીઓ માટે ભારતની મોટાપાયાની સ્પેલીંગ સ્પર્ધા ક્લાસમેટ સ્પેટ બી સ્પેલીંગ સ્પર્ધાની સાતમી સિઝનનું આયોજન કરી રહી છે. આ સ્પર્ધા મારફતે દેશમાં સારી રીતે સ્પેલીંગ બનાવી શકતા વિદ્યાર્થીઓને એક તક મળે છે. તેના કારણે દેશભરની આવી પ્રતિભાઓની ઓળખ મેળવી શકાય છે કે જેઓ અંગ્રેજી ભાષામાં સ્પેલીંગ બનાવવાની નિપુણતા ધરાવતા હોય. આ સ્પર્ધા ગત વર્ષે થઈ હતી તેટલી જ પ્રમાણમાં ભવ્ય રીતે યોજવામાં આવનારી છે. આ સ્પર્ધામાં દેશના ૩૦ શહેરોની ૮૦૦થી વધુ શાળાઓના ધોરણ ૫ માંથી ૯માં ધોરણમાં ભણતા ૨.૭૫ લાખ વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ સ્પર્ધામાં ભાગ લેવાની ઓનલાઈન નોંધણી.[illegible] વેબસાઈટ ઉપર કરાવી શકાશે. સ્પર્ધામાં અગ્રગણ્ય રહેનારા પ્રથમ ૧૬ વિદ્યાર્થીઓને ડિસ્કવરી ચેનલ, ડિસ્કવરી કિડ્ઝ અને ડિસ્કવરી તાલીમ ઉપર પણ ચમકવાની તક મળશે તેમજ રાષ્ટ્રીય સ્તરે વિજેતાને રૂપિયા ૨ લાખનું ગ્રાન્ડ પ્રાઈઝ આપવામાં આવશે. આ અંગે આઈટીસીના એજ્યુકેશન તેમજ સ્ટેશનરી પ્રોડક્ટસ બિઝનેસના ચીફ એક્ઝીક્યુટીવ ચંદ દાસે જણાવ્યું હતું કે ક્લાસમેટ દરેક બાળકમાં રહેલી ખાસીયતને ઓળખી તેની સંભાળ લઈને તેની ઉજવણી કરવા માંગે છે. ક્લાસમેટ સ્પેલ બીની સિઝન ૭ થકી તે દરેક વિદ્યાર્થીમાં રહેલી ખાસીયતની ઉજવણી કરીને તેમની પ્રતિભા રાષ્ટ્રીય સ્તરે વિકસાવવાની તક આપે છે. ક્લાસમેટ સ્પેલ બીની સાતમી સિઝન ગત વર્ષની જેમ જ બનાવવામાં આવી છે. તેના થકી એમ આ વર્ષે ભારતના શહેરોની શાળાઓનાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચી શકીશું. તેના માટે અમે શાળાઓનો સંપર્ક સાધીશું, આ પ્રોગ્રામ માટેની ખાસ એપ અને વેબસાઈટ બનાવીશું કે જેથી કરીને બાળકો તેની સાથે જોડાઈ શકે.

ક્લાસમેટ સ્પેલ બીની સિઝન ૭ના રાષ્ટ્રીય સ્તરના વિજેતાઓને રૂા. ૨ લાખનું ગ્રાન્ડ પ્રાઈઝ આપવામાં આવશે. તદઉપરાંત તેમને અમેરિકાના વોશિંગ્ટન ડીસી ખાતે યોજાનારી સ્ક્રિપ્પ્સ નેશનલ સ્પેલીંગ બી ૨૦૧૫માં પોતાના માતા-પિતા સાથે હાજર રહેવાની તક મળશે. સેમીફાઈનલમાં પહોંચેલા ચાર સ્પર્ધકો પ્રત્યેકને રૂા. ૫૦ હજારનું રોકડ ઈનામ આપવામાં આવશે.

### આજે અરવિંદ કેન્દ્ર ખાતે બેઠા ગરબા અને ગરબા શણગાર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગરની જ્યોતિ મહિલા મંડળ દ્વારા તા. ૭મી ઓક્ટોબર મંગળવારે બેઠા ગરબા સ્પર્ધા અને ગરબા શણગાર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા સે. ૨ ૩માં આવેલ અરવિંદ કેન્દ્ર ખાતે બપોરે ૧.૩૦ વાગે યોજાશે. આ સ્પર્ધામાં બહેનોએ વિશાળ સંખ્યામાં ભાગ લેવા લતાબેન ચોકસી અને ચેતના બુચ દ્વારા હાર્દિક અપીલ કરવામાં આવી છે.

### આજે સે. ૩-સી ના શક્તિચોકમાં શરદપૂર્ણિમાના ગરબા યોજાશે

ગાંધીનગરના સેક્ટર-૩-સી માં નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા શક્તિચોક ખાતે તા. ૭મી ઓક્ટોબર મંગળવારે શરદપૂર્ણિમાની ઉજવણીના ભાગરૂપે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ગરબા રાત્રે ૮ વાગ્યાથી પ્રારંભ થશે. જાગૃતિ ગાયક કલાવૃંદના કલાકારો ગરબાની સૂરાવલીઓ રેલાવશે. આ ગરબા કાર્યક્રમની સાથે દૂધ-પૌંઆનું પણ આયોજન નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા કરાયું છે.

### ચૈતન્ય સ્કૂલમાં બે દિવસીય ચૈતન્યોત્સવનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરના ચિલોડા તરફના માર્ગે આવેલ લેકાવાડાની ચૈતન્ય સ્કૂલમાં આગામી તા. ૯મી અને ૧૦મી ઓક્ટોબરે બે દિવસીય 'ચૈતન્યોત્સવ-૨૦૧૪'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ચૈતન્યોત્સવમાં પહેલા દિવસે જાદુકી છડી અને બીજા દિવસે મેઘદૂતમ કાર્યક્રમ યોજાશે. આ તમામ કાર્યક્રમ સાંજે ૬ વાગ્યાથી ચૈતન્ય સ્કૂલના બારોટ એમ્પિ થીયેટર ખાતે યોજાશે.

આ ચૈતન્યોત્સવમાં જાદુકી છડી કાર્યક્રમમાં એસ.આર. મહેતા આર્ટસ કોલેજના ભૂતપૂર્વ આચાર્ય અને અમદાવાદની આઈઆઈએમના વીઝીટીંગ અધ્યાપક ડૉ. ઈન્દીરા નિત્યાનંદજી મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમમાં આશ્ચર્યજનક જાદુના કરતબોનો વિશેષ શૉ યોજવામાં આવશે.

ચૈતન્યોત્સવના બીજા અને અંતિમ દિવસે યોજાનાર મેઘદૂતમ કાર્યક્રમાં ઔડા અને ગુડાના સીઈઓ આઈએએસ શ્રીમતિ ડી. થરા અને અમદાવાદ રેલવે ડીવીઝનના સિનિયર ફાઈનાન્સ મેનેજર મુધુનંદન મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. આ કાર્યક્રમની થીમ એર એન્ડ સ્પેસ રાખવામાં આવી છે.

# પરીક્ષામાં ગેરરીતિને રોકવા આજે શિક્ષકોને ખાસ ટ્રેનિંગ

## બાયસેગથી તાલીમ અપાશે : આઠમી સુધી સીસીટીવીનું રેકોર્ડિંગ વ્યવસ્થિત છે કે કેમ તે મામલે જાણ કરવી પડશે

અમદાવાદ, તા.૦૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ ઓક્ટોબરથી લેવામાં આવનારી ધોરણ-૧૧ સાયન્સ પ્રથમ સેમેસ્ટર અને ધોરણ-૧૨ સાયન્સ ત્રીજા સેમેસ્ટર પરીક્ષામાં તમામ પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી કેમેરા અને ટેબલેટ લગાવવામાં આવશે. જો કે પરીક્ષા શરૂ થાય તે પહેલા બોર્ડ દ્વારા કામગીરીમાં રોકાયેલા શિક્ષકો અને અન્ય સ્ટાફના લોકો તેના સંચાલન અંગેની તાલીમ આપવાનું નક્કી કરાયું છે. આ માટે અમદાવાદ શહેરમાં આવતીકાલે બાયસેગથી તાલીમ કાર્યક્રમ યોજવામાં આવશે. ઉપરાંત તમામ કેન્દ્રોના સ્થળ સંચાલકે તા. ૮ ઓક્ટોબર સુધી બોર્ડને તેમના સીસીટીવીનું રેકોર્ડીંગ બરાબર ચાલે છે કે કેમ તે અંગેનો અહેવાલ સુપરત કરવાનો રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ ઓક્ટોબરથી સાયન્સની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા વખતે પ્રથમ વખત તમામ કેન્દ્રો પર બાજ નજર રહે તે માટે સીસીટીવી કેમેરા હોય તેવી સ્કુલોને જ પરીક્ષા કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેથી મોટાભાગની સ્કુલો કે જ્યાં સીસીટીવીની સુવિધા હતી તેમને પરીક્ષા કેન્દ્ર તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેથી મોટાભાગની સ્કુલો કે જ્યાં સીસીટીવીની સુવિધા હતી તેમને પરીક્ષા કેન્દ્ર તરીકે પસંદ કરાયા હતા. ઉપરાંત એક હજાર જેટલા વર્ગખંડોમાં સીસીટીવીની સુવિધા ન હોઈ ત્યં ટેબલેટ લગાવી વિદ્યાર્થીઓ પર નજર રાખવાનું નક્કી કરાયું હતું. પરીક્ષા કેન્દ્રો પર સીસીટીવી અને ટેબલેટ લગાવ્યા બાદ પરીક્ષાના સંચાલનમાં જોડાયેલા લોકો તેને યોગ્ય રીતે ઉપયોગ કરી શકે તે માટે બોર્ડ દ્વારા શિક્ષકો અને અધિકારીઓને તાલીમ આપવાનું નક્કી કર્યું છે જે મુજબ બાયસેગના માધ્યમથી તમામ શિક્ષકો અને અધિકારીઓ કે જે પરીક્ષાની કામગીરીમાં જોડાયેલા છે તેમને તાલીમ આપવામાં આવશે. આ માટે અમદાવાદ શહેરમાં આવતીકાલે તાલીમ આપવાનું નક્કી કરાયું છે. અમદાવાદ પશ્ચિમ વિસ્તારની સ્કુલો માટે નારણપુરા ખાતે આવેલી સેન્ટ ઝેવિયર્સ સ્કુલમાં અને પૂર્વ વિસ્તાર માટે મણીનગરની જેએલ હાઈસ્કુલમાં સવારે ૧૦થી ૧૨ વાગ્યા દરમ્યાન બાયસેગથી તાલીમ આપવામાં આવશે.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. તાજેતરમાં મીઠી વીરડી ખાતે અણુ વીજમથકોને મંજૂરી આપવામાં આવી તે કયા શહેર નજીક આવેલ છે ?
➜ **ભાવનગર**
૨. ગુજરાતની સરકારી હોસ્પિટલોમાં કેટલી જેનેરિક દવા વિનામૂલ્યે આપવાનું નક્કી કરવામાં આવ્યું છે ?
➜ **૫૬૯**
૩. રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪માં સિક્સસેલ એમિનિયા અને થેલેસેમિયાના દર્દીઓને માસિક કેટલા રૂપિયા તબીબી સહાય ચુકવવાની જોગવાઈ કરવામાં આવી છે ?
➜ **રૂા. ૧૦૦**
૪. ૧૨મી પંચવર્ષીય યોજનામાં ધોરણ-૧ થી ૪ની તમામ શાળાઓને કઈ પદ્ધતિમાં આવરી લેવામાં આવી છે ?
➜ **પ્રજ્ઞા પદ્ધતિ**
૫. ૨૦૧૪માં ભારતીય નૌસેના કયા યુદ્ધજહાજમાં દુર્ઘઠના થઈ હતી ?
➜ **આઇ.એન.એસ. કુમાર**
૬. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણીના પરિણામો કઈ તારીખે જાહેર કરવામાં આવ્યા હતા ?
➜ **૧૬મી મે**
૭. ૨૦૧૪માં ભારત સરકારે દેશનાં કયા ત્રણ શહેરમાં હવાઈ મથકોને આંતરરાષ્ટ્રીય હવાઈ મથકનો દરજ્જો આપ્યો છે ?
➜ **ભોપાલ, ઇન્દોર, રાયપુર**
૮. આઈ.એન.એસ. કમરોટા શું છે ?
➜ **લડાકુ જહાજ**
૯. આયોજનપંચ દ્વારા ગુજરાતની ૨૦૧૩-૧૪ની વાર્ષિક યોજનાનું કદ કેટલા કરોડ મંજૂર કરાયું હતું ?
➜ **૫૯ હજાર કરોડ**
૧૦. ૨૦૧૩માં સિંગાપોરમાં યોજાયેલી ૨૪માં કોમનવેલ્થ પાર્લામેન્ટરી સેમિનારમાં ગુજરાતના કયા ધારાસભ્યએ પ્રતિનિધિત્વ કર્યું હતું ?
➜ **રાકેશ શાહ**
૧૧. ૨૦૧૫માં ૭મી ઈબ્સા શિખર સંમેલનની યજમાની કયો દેશ કરશે ?
➜ **ભારત**
૧૨. ૨૦૧૪માં ૧૨૭માં દુરાન્દ કપ ફૂટબોલ પ્રતિયોગિતાનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
➜ **ગોવા**
૧૩. ૨૦૧૪માં ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે કોની નિયુક્તિ કરવામાં આવી છે ?
➜ **બી. અશોક**
૧૪. ૨૦૧૪ સિવિલ સર્વિસેસ પરીક્ષામાં સી-સેટના અધ્યયન માટે કઈ સમિતિની રચના કરવામાં આવી છે ?
➜ **અરવિંદ વર્મા સમિતિ**
૧૫. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણી કેટલા તબક્કામાં યોજાઈ હતી ?
➜ **નવ (૯)**
૧૬. ૨૦૧૪ની ૧૬મી લોકસભાની ચૂંટણીમાં કેટલા મતદારો નોંધાયા હતા ?
➜ **૮૧.૪૦ કરોડ**
૧૭. ગુજરાતમાં પવન શક્તિના વિકાસને વધુ વિકાસ કરવા કઈ નવી પ્રોત્સાહક પવન ઉર્જાને મંજૂરી આપવામાં આવી છે ?
➜ **વિંડ એનર્જી પોલિસી**
૧૮. ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા શાંતિરક્ષક દિવસ કયારે મનાવવામાં આવ્યો હતો?
➜ **૨૯ મે**
૧૯. ૨૦૧૪ મૃત્યુ પામનાર મશહૂર ખેલાડી અજલાન શાહ કઈ રમત સાથે સંકલાયેલ છે?
➜ **હોકી**
૨૦. ટ્રુથ લવ એન્ડ મલિસ આત્મકથા કોની છે?
➜ **ખુશવંતસિંહ**

# દશેરામાં આપણામાં સહેલી અનિષ્ટ વૃત્તિઓનો નાશ કરી શરદપૂર્ણિમાએ આંતર જયોતિને પૂર્ણરૂપે ખીલવી શકીશું તો જ દીપોત્સવીના પર્વ નિમિત્તે એક નવલું પ્રભાત આણી શકીશું!

## વિચારસભા
### સદ્વૃત્તિનું વિજય પર્વ
નેહલ જયદીપ ગઢવી

આસુરી શક્તિઓ પર દૈવી શક્તિના વિજયનું પર્વ અનેક વર્ષોથી દેશમાં ઘણા સ્થળોએ ઊજવવામાં આવે છે. ઉજવણીમાં લોકો મોટી સંખ્યામાં સ્વેચ્છાએ જોડાય છે. રાવણનું સ્વરૂપ ધર્મ જાણે, છતાં આચરી ન શકે એવા મહાભારતનું દુર્યોધન જેવું છે. રાવણ વિદ્વાન છે પરંતુ, દિશા ભૂલેલા છે. તેનો શ્રેય માર્ગે જવાનું સામર્થ્ય અને શક્તિ ધરાવે છે. પરંતુ, એ દિશામાં પગલાં ભરતા નથી બલ્કિ ઉલ્ટી દિશામાં પગલાં ભરે છે. રામ રાજાના કુંવર છે. તેઓ પણ ઋષિઓ પાસે શાસ્ત્રો ભણેલા છે. પરંતુ, શ્રી રામ જે શાસ્ત્રવચનો ભણ્યા છે તેને જીવનમાં ઉતારનાર છે. રામાયણ જેવા મહાકાવ્યમાં શ્રીરામની ઉપસ્થિતિ એ ચેતનાનું મૂળ તત્ત્વ છે. મહાભારતમાં પણ પાત્રો અનેક છે, ઘટનાઓ પણ અનેક છે. પરંતુ, સમગ્ર મહાભારતની કથામાં ચેનતાતત્ત્વ એ યશોદાનંદન શ્રી કૃષ્ણ જ છે. દશેરાની ઊજવણી સમાજ કરે તે ઘટનાક્રમ જેમ આપણે બીજી ઓકટોબરની ઉજવણી કરીએ છીએ તેમ કરીએ. ઉજવણી એ તહેવારનો એક ભાગ છે. પરંતુ, ઊજવણી એ જ સર્વસ્વ હોઇ શકે નહિ. તે જ રીતે દશેરાની ઉજવણી એ સદ્વૃત્તિની વૃદ્ધિ કરવાનો ( ) મેસેજ છે. આપણે સામૂહિક રીતે જો આ વિચાર કરીએ તો તહેવારની ખરી સૌરભ જન-જનમાં અને ઘર-ઘરમાં પ્રસરી શકે છે. આપણે તૈયાર છીએ ખરા? તહેવારની સફળતા કેટલા કરોડો રૂપિયાના ફાફડા-જલેબી વહેંચાયા તેના આધારે કેવી રીતે નક્કી થાય? મનની સારી વૃત્તિ કે એક સારો વિચાર, વિજેતા હોવા છતાં જે કરૂણાનિધાન છે તેમના જીવનમાંથી અને વર્નતમાંથી લઇએ તો તહેવારની જલેબી વધુ સ્વાદિષ્ટ અને ગળી બનાવી શકાય અને આ ગળપણ થોડા કલાકો માટેનું ન હોય! આવા ગળપણ કે મધુરતાનો લાભ પ્રથમ તો આપણા પરિવારજનોને મળે પરંતુ, ત્યારબાદ સમગ્ર સમાજને તે મળે! દશેરા આવા કોઇ વિચાર સાથે ઉજવાય તો તેની ઊજવણીનો કૈફ લાંબો ટકે અને કુટુંબ તથા સમાજ જીવનમાં મધુરતા પ્રસરે તે બોનસ! સદ્વૃદ્ધિ કેળવવાનો જો આવો વિચાર પ્રગટે તો કૃપાનિધાન શ્રી રામચંદ્રના આશીર્વાદ હોય જ!

આ તહેવારની મધુરતા ઓછી કરે તેવા એક દુ:ખદ સમાચાર પણ દરેક માધ્યમે વિગતવાર પ્રસારિત કરેલા છે. બિહારમાં પટના શહેરમાં પણ દશેરાની સાર્વજનિક ઉજવણી કરવામાં આવે છે. દિલ્લીમાં જેમ રામલીલા મેદાનમાં ઉજવણી થાય છે તે રીતે મોટા પાયે પટનામાં ઉજવણી કરવામાં આવે છે જે સમાચાર મળે છે અને જે દૃશ્યો ટેલિવિઝન સેટ પર જોવા મળ્યા છે તે અટકાવી મૂકનારા છે. દશેરાની ઊજવણી માટે એકઠા થયેલા લોકોની નિરંકુશ ભાગ-દોડને કારણે અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. આવી ઘટનાઓથી તહેવારોની મધુરતા ઘટે છે. કરૂણતા કે જેનું સ્થાન ઊજવણીમાં કયાંક નથી તેનો પ્રવેશ ધીમા પગલે થાય છે. ઉત્તરાખંડ કે કાશ્મીરમાં એક-એક વ્યક્તિને કુદરતી આફતમાંથી બચાવવા આપણું લશ્કરી દળ તથા સમગ્ર વહીવટીતંત્ર જીવ સટોસટીની બાજી ખેલે છે. આવા બચાવકાર્યમાં એક-એક વ્યક્તિના જીવનનું મૂલ્ય ગણીને તેને બચાવવા માટેના સઘન પ્રયત્નો લેવામાં આવે છે. તેની સામે આવી દુર્ઘટનાઓ થાય અને કેટલાય લોકોની અમૂલ્ય જીંદગી તેમાં હોમાઇ જાય તે બાબત આપણા મનને ખિન્ન કરી મૂકે તેવી છે. આવા મોટા કાર્યક્રમોના આયોજકો પણ સાવચેતી માટેના અસરકારક પગલા કયારે ભરશે? આવા બનાવો આપણા સામાજિક તહેવારોની ઝાકઝમાળ ઝાંખી બનાવી મૂકે છે. આપણી વૃત્તિમાં અને વર્તનમાં જો વ્યક્તિગત રીતે પણ સામૂહિક શિસ્ત જાળવવાનો સંકલ્પ કરીએ તો એ રામકાર્ય જ ગણાય. રામનો આદર્શ જીવનમાં ચરિતાર્થ કરવા આપણે કાર્યાન્વિત થવું અનિવાર્ય છે.

નવરાત્રિનો ઉત્સવ ખરા અર્થમાં દશેરા સુધી નહિ પરંતુ, શરદપૂર્ણિમા સુધી ચાલે છે. ચંદ્રની શીતળતાનો વ્યાપ કોઇ પણ ભેદભાવ વિના જન-જન સુધી પહોંચી સૌના મનને પ્રફુલ્લિત કરે છે. નવરાત્રી અને શરદપૂર્ણિમાની ઉજવણીની મસ્તીનો શોર ઓસરે નહિ ત્યાં સુધીમાં દિપાવલીનું પર્વ બારણે ટકોરા મારતું આવી પહોંચે છે. આ દિપ - પર્વને વધાવી લેવા માટે એક વિશિષ્ટ માહોલ ઊભો થયો જોવા મળે છે. તમામ પર્વો જરૂર ઉજવીએ અને મન ભરીને માણીએ પણ ખરા પરંતુ, કેટલાક સ્વૈચ્છિક આચરણ આપણા જ હિત માટે કરીએ અને જાળવીએ તો તહેવારનો આનંદ ચોક્કસ બેવડાઇ જાય. નવરાત્રી અને દશેરાના પવિત્ર આરાધના પર્વ અને વિજય પર્વના સદ્વૃત્તિના માર્ગે એકાદ ડગલું નક્કર રીતે ભરવાનો નિર્ણય કરીને તેને અમલમાં મૂકીએ તો આ તહેવારની સાર્થકતા સિદ્ધ થઇ શકે છે. પરંતુ, ટૂંકા દૃષ્ટિકોણથી મહાભારતના ધૃતરાષ્ટ્રની જેમ મનની ખોટી વૃત્તિઓને પણ રોકાવાનો સભાન પ્રયાસ ન કરીએ તો કર્મબીજ પણ અનર્થકારી જ મળશે!

"વિચારીને વાવજો, કર્મબીજ સહુ કોઇ
ઉપજ એવી આવશે જેવું વાવ્યું હોય!
આ વાત જ ધ્રુતરાષ્ટ્રને સંજય સમજાવે છે.
કવિ કાગ બાપુ લખે છે કે,
અંધીની આગળ આવ્યું રે;
એના મોભીડાનું માથું;
મોભી કુંવરનું માથું રે,
રાજ દુર્યોધનનું માથું -
પિતાના ખોળામાં પડીઉં રે,
એના મોભીડાનું માથું - ટેક
સંજય આ ફળ શેનું હશે?
તે જાણ્યું નથી જણાતું
સુતજી કહે કે ભૂલી ગયાં કાં?
હાથે વાવેલાની વાતું -"

તો આવો સૌ સાથે મળીને સંકલપ કરીએ કે સ્વયંશિસ્ત જાળવીને કુટુંબ તેમજ સમાજમાં સદ્વૃત્તિરૂપી દિપકની જ્યોતિ અખંડ જલતી રાખીશું! અને તો જ ખરા અર્થમાં આપણા આ વિવિધ પર્વોની ઉજવણીને માણી શકીશું! દશેરામાં આપણામાં સહેલી અનિષ્ટ વૃત્તિઓનો નાશ કરી શરદપૂર્ણિમાએ આંતર જયોતિને પૂર્ણરૂપે ખીલવી શકીશું તો જ દીપોત્સવીના પર્વ નિમિત્તે એક નવલું પ્રભાત આણી શકીશું!